મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૧-૦૯-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૫૮
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જશપુરીયા ખાતે ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિ અંગે સંવાદ કર્યો

# મહેસાણા જિલ્લાના તમામ ખેડૂતો 'પ્રાકૃતિક કૃષિ' અપનાવતા થાય તે દિશામાં કાર્ય કરવાની હિમાયત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

**લોકોને આરોગ્ય પ્રદ આહાર મળે તે માટે પ્રાકૃતિક કૃષિ અપનાવીએ**

**કૃષિ પરિસંવાદ અગાઉ રાજ્યપાલે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પની મુલાકાત લીધી**






(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લાની મુલાકાતે પધારેલા રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જશપુરીયા ખાતે આયોજિત 'પ્રાકૃતિક કૃષિ પ્રકૃતિના શરણે પરિસંવાદ' કાર્યક્રમમાં ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ભારતમાં કૃષિ માત્ર એક વ્યવસાય નહીં, પણ સંસ્કૃતિ અને જીવનશૈલીનું અભિન્ન અંગ છે. વર્ષો સુધી આપણે પરંપરાગત ખેતી પદ્ધતિઓ અપનાવી છે, જે કોઈ પણ પ્રકારના રાસાયણીક ખાતર કે દવા વગર કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં રાસાયણિક ખાતરો અને ઝેરી કીટનાશકોના વધતા ઉપયોગના પરિણામે જમીનની ઉપજશક્તિ ઘટી છે, પાણીના સ્ત્રોતો પ્રદૂષિત થયા છે અને માનવીના આરોગ્ય પર પણ ભયાનક અસર પડી છે. આવા સમયમાં "પ્રાકૃતિક ખેતી" એ માત્ર જ વિકલ્પ નહીં, પરંતુ આવશ્યકતા બની ગઈ છે.

આજે વિશ્વ સામે જળવાયુ પરીવર્તનની મોટી સમસ્યા પેદા થઈ છે. પર્યાવરણ પર વિપરીત પરિસ્થિતિને કારણે જીવ સૃષ્ટિ પર તેના ખરાબ પરિણામો જોવા મળ્યા છે. પ્રાકૃતિક ખેતી અપનાવવાથી જમીનમાં સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ વધે છે, જેના પરીણામે જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર સુધીની જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. નહીવત ઉત્પાદન ખર્ચ અને વધારે ભાવ મળતા ખેડૂતોને આર્થિક ફાયદો થાય છે. જેના થકી ખેડૂતો આત્મનિર્ભર બને છે.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અંગે પોતાના અનુભવો જણાવતા કહ્યું હતું કે, કુરુક્ષેત્રમાં ૧૮૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી, જેમાં પ્રતિ વર્ષ પ્રાકૃતિક ખેતીનું ઉત્પાદન વધતું રહ્યું. સાથે જ પ્રાકૃતિક ખેતીના કારણે જમીનની ગુણવત્તા સુધરી છે. વધુમાં તેમણે જણાવ્યું કે આજના સમયે સૌથી મોટી ભગવાન ભક્તિ એ પ્રાકૃતિક કૃષિ છે, કારણ કે રાસાયણિક ખેતીએ જમીનને ઝેરયુક્ત બનાવી દીધી છે ત્યારે પ્રાકૃતિક કૃષિના માધ્યમથી જમીનને ઝેર મુક્ત બનાવી લોકોને આરોગ્ય પ્રદ આહાર મળે તે માટે ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવી જોઈએ.

રાજયપાલશ્રીએ પશુપાલન અંગે વાત કરતા કહ્યું કે, હાલના સમયે ટેકનોલોજીનો ઉપયોગ કરીને પશુપાલન કરવું જોઈએ પોતાના ગુરુકુળમાં થતી પશુપાલન પ્રવૃત્તિઓનું ઉદાહરણ આપીને વધુ દૂધ આપતી ઓલાદોનો ઉછેર કરીને પશુપાલન કરવા ખેડૂતોને પ્રેરિત કર્યા હતા.પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અગાઉ રાજયપાલશ્રીએ ' સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અંતર્ગત સર્વરોગ નિદાન કેમ્પ અને જશપુરીયા ગામના ખેડૂત શામજીભાઈ ચૌધરીના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી.રાજયપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના પ્રાકૃતિક ખેત પેદાશોના સ્ટોલની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ સાધ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટર શ્રી જશવંત કે. જેગોડા, ખેતી નિયામક શ્રી કે.એસ.પટેલ, ગામના સરપંચ શ્રી રાજેન્દ્ર ચૌધરી વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ, માસ્ટર ટ્રેનર ખેડૂતો, કૃષિ સખી બહેનો, મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં.

### વાવ-થરાદના ગામોમાં સૌ જ્ઞાતિ સમાજને સહાનુભૂતિ અને સહાય

## આંજણા યુવક મંડળ ગુજરાત દ્વારા વિકટ પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટનું કરાયેલ વિતરણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

આંજણા યુવક મંડળ ગુજરાત રાજ્ય દ્વારા તા. ૧૮/૦૯/૨૦૨૫ના રોજ વાવ-થરાદ વિસ્તારના વિવિધ ગામોની મુલાકાત લઈને જરૂરિયાતમંદ સૌ જ્ઞાતિ સમાજના પરિવારોને નિઃશુલ્ક રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ પહેલ વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્ત ગામડાઓના લોકોને સહાય પૂરી પાડવાના ઉદ્દેશ્યથી હાથ ધરવામાં આવી હતી.



આંજણા યુવક મંડળની ટીમે ગામોની મુલાકાત દરમિયાન પરિવારજનો સાથે રૂબરૂ મુલાકાત કરી, તેમની સમસ્યાઓ સાંભળી અને સહાનુભૂતિ સાથે સમર્થન આપ્યું. આ કાર્યમાં વાવ-થરાદના સામાજિક ક્ષેત્રના કાર્યકર્તાઓએ પણ સક્રિય સહયોગ આપ્યો, જેના માટે આંજણા યુવક મંડળે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

આ રાશન કીટ વિતરણ કાર્યક્રમમાં યુવક મંડળની ટીમે ઉદારતા અને સહાનુભૂતિની ભાવના સાથે સેવા ભાવ દર્શાવ્યો. આ પ્રયાસમાં સહયોગ આપનાર દાતાઓ અને કાર્યકર્તાઓના સમર્પણને કારણે આ કાર્યક્રમ સફળ રહ્યો. આંજણા યુવક મંડળે આ કાર્ય માટે સમગ્ર ટીમ અને સહયોગી દાતાશ્રીઓને વંદન કર્યા છે.

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૬ હેઠળ મુદ્દામાલ કબજે કરી કડી પોલીસ સ્ટેશનને સોંપ્યો

## મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે વાહન ચોરીનો કેસ ઉઘાડ્યો : બે વર્ષ જૂની ચોરીની મોટરસાયકલ સાથે આરોપી પકડાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ (ગાંધીનગર રેન્જ), પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી (મહેસાણા) અને નાયબ પોલીસ અધિક્ષક શ્રી મિલાપ પટેલ (મહેસાણા વિભાગ)ના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મિલ્કત અને વાહન ચોરીના ગુનાહો અટકાવવા તથા શોધવા માટે અસરકારક કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સૂચનાઓ અનુસાર, પોલીસ ઈન્સ્પેક્ટર ડી.જી. બડવા (મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન)ના નિર્દેશ પ્રમાણે સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે વાહન ચોરીના એક કેસને અસરકારક રીતે ઉઘાડી દીધો છે. તા.



૧૯-૦૯-૨૦૨૫ના રોજ સર્વેલન્સ સ્ટાફના અ.પો.કોન્સ્ટેબલ વિવેકકુમાર ફતાભાઈ અને અ.પો.કોન્સ્ટેબલ ગૌરવકુમાર બાબુભાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરતા હતા. તેમના સંયુક્ત પ્રયત્નોથી શીવાલા સર્કલ હાઈવે રોડ પરથી એક બાતમી મળી કે, એક આરોપી નંબર પ્લેટ વિનાની ચોરી કરેલ મોટરસાયકલ લઈને મેવડ ટોલટેક્સ થી નીકળી વિજાપુર તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે વાહન તપાસ કરતા, એક આરોપીએ નંબર પ્લેટ વિનાની હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ લઈને આવતો જોવા મળ્યો. તેને રોકી પુછપરછ કરતા આરોપી ગોલમાલ કરવા લાગ્યો.યુક્ત પ્રયુક્તિથી વિગતવાર પુછપરછ કરતા આરોપીએ કબૂલ્યું કે, આ મોટરસાયકલ બે વર્ષ પહેલાં કડી તાલુકાના ચારોલ ગામ નજીક રસ્તા કિનારે પાર્ક કરેલી હતી, જે તેણે ચોરી કરી હતી અને તેને ચલાવતો હતો. આ મુદ્દામાલને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૬ (સ્ત્રીઓ અને બાળકો સામેના ગુનાહોની તપાસ અને કબજો) હેઠળ તપાસ માટે કબજે કરવામાં આવ્યું. આરોપીને કલમ ૩૫(૧)(ઈ) (અટકાયત અને કસ્ટડીની જોગવાઈઓ) હેઠળ સાંજે ૭:૦૦ વાગ્યે અટકાયત કરી, ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ ૩૭૯ (ચોરી) હેઠળના ગુના માટે કડી પોલીસ સ્ટેશન (પાર્ટ-એ-૧૧૨૦૬૦૨૦૨૩૦૬૮૧)ને સોંપવામાં આવ્યું.આ કાર્યવાહીથી જિલ્લામાં વાહન ચોરીના ગુનાહો અટકાવવાની કામગીરીને વેગ મળ્યો છે.

### મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓની સંકલન બેઠક યોજાઈ

## પાલિકાઓના વિકાસ કાર્યો, ગ્રાન્ટના પ્રશ્નો અને શોપિંગ સેન્ટરનજી હરાજી જેવા મુદ્દાઓની ચર્ચા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

વિસનગર નગરપાલિકાના સભાખંડમાં મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓની સંકલન બેઠક યોજાઈ. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અને પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર બી.એમ. પટેલ બેઠકમાં ઉપસ્થિત રહ્યા. બેઠકમાં નગરપાલિકાઓના વિકાસ કાર્યો, ગ્રાન્ટના પ્રશ્નો અને શોપિંગ સેન્ટરની હરાજી જેવા મુદ્દાઓની ચર્ચા થઈ. મંત્રી ઋષિકેશ પટેલે કચરાના વર્ગીકરણ અને સ્વચ્છતા રેક્િંગ સુધારવા પર ભાર મૂક્યો. તેમણે શોપિંગ સેન્ટરોની હરાજી પ્રક્રિયા સરળ બનાવવાની ખાતરી આપી.મહેસાણા જિલ્લાની વિસનગર, વિજાપુર, વડનગર, ખેરાલુ, ઊંઝા, કડી અને ગાંધીનગર જિલ્લાની દહેગામ, કલોલ, માણસા નગરપાલિકાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો. સાંસદ હરિભાઈ પટેલ, મયંકભાઈ નાયક અને જિલ્લાના ધારાસભ્યો પણ હાજર રહ્યા.

રખડતા ઢોરના મુદ્દે પણ નગરપાલિકાના પદાધિકારીઓ પાસેથી સૂચનો મંગાવાયો.

### મહેસાણા જિલ્લા સંકલન સમિતિની બેઠક : ગ્રામીણ વિકાસ અને પ્રશ્નોના નિરાકરણ માટે કલેક્ટરની તાકીદ

## સામેત્રા ગામના સહિત જિલ્લાના પ્રશ્નોના ઝડપી નિકાલ માટે કલેક્ટરનું બાબુઓને માર્ગદર્શન

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા સંકલન તેમજ ફરિયાદ સમિતિની બેઠકમાં જિલ્લાના વિવિધ પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવી. આ બેઠકમાં જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ થયેલા પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને માર્ગદર્શન



પૂરું પાડ્યું અને સમયમર્યાદામાં નિકાલ લાવવા તાકીદ કરી.

બેઠકમાં સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓએ રોડ-રસ્તાઓનું સમારકામ, નર્મદા કેનાલની સફાઈ, દબાણ દૂર કરવા જેવા મહત્વના મુદ્દાઓ ઉઠાવ્યા. ખાસ કરીને, સામેત્રા ગામમાં પેપર મિલના પ્રદૂષણથી ઉભી થયેલી સમસ્યા પર પણ ચર્ચા થઈ, જેના નિરાકરણ માટે તાજેતરમાં ગ્રામજનો દ્વારા ચક્કાજામ આંદોલન કરવામાં આવ્યું હતું. કલેક્ટરશ્રીએ આ તમામ પ્રશ્નોના નિકાલ માટે સંબંધિત વિભાગોને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી.કલેક્ટરશ્રીએ ખાસ ભાર મૂક્યો કે, જનપ્રતિનિધિઓ દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોનો નિકાલ સમયસર થાય તે માટે તમામ વિભાગોએ સંકલિત પ્રયાસો કરવા.




# આરોપોનું રાજકારણ, મત ચોરીના ખોટા આરોપો

રાહુલ ગાંધી ફરી એકવાર મત ચોરીના આરોપો સાથે આગળ આવ્યા છે. આ વખતે, તેમણે કર્ણાટકના આલંદમાં મત કાપવાનો આરોપ લગાવ્યો અને કેટલાક કથિત પુરાવા રજૂ કર્યા. તેમના મતે, આ મતવિસ્તારમાંથી ૬,૦૧૮ કોંગ્રેસના મતદારોને કાઢી નાખવામાં આવ્યા હતા. તેમણે એ પણ સમજાવ્યું કે કર્ણાટકની બહારના લોકોએ મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને કોંગ્રેસના મતદારોના નામ કાઢી નાખ્યા હતા.

ચૂંટણી પંચે તેમના આરોપોને, જે તેમણે ૧૦૦% ખાતરીકારક હોવાનો દાવો કર્યો હતો, પાયાવિહોણા ગણાવ્યા, અને કહ્યું કે આ રીતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને મત કાઢી શકાતા નથી. કમિશને સ્વીકાર્યું કે આલેન્ડમાં કેટલાક લોકોના મત કાઢી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ સ્પષ્ટતા કરી કે એક રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે અને તપાસ ચાલુ છે.

સ્પષ્ટપણે, જ્યાં સુધી આ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી, રાહુલના આરોપોને સાચા માનવાનું કોઈ કારણ નથી. નિઃશંકપણે, એવું નિષ્કર્ષ પર આવી શકાય નહીં કે જો કોઈનું નામ ખોટી રીતે દૂર કરવામાં આવ્યું હોય અથવા મતદાર યાદીમાં ઉમેરવામાં આવ્યું હોય, તો તે મુખ્ય ચૂંટણી કમિશનરના કહેવાથી કરવામાં આવ્યું હતું.

દેશમાં ભાગ્યે જ કોઈ મતવિસ્તાર હશે જ્યાં મતદાર યાદીમાં અનિયમિતતા ન થતી હોય, પરંતુ રાહુલને ઓછામાં ઓછું એ વાતની જાણ હોવી જોઈએ કે સ્થાનિક નેતાઓ, રાજ્ય સરકારો હેઠળ કામ કરતા ચૂંટણી અધિકારીઓ, આ માટે જવાબદાર છે. રાહુલ ગાંધીએ તાજેતરમાં જ મત ચોરીનો બીજો એક કિસ્સો પ્રકાશમાં લાવ્યો હતો.

તેમણે તેને અણુ બોમ્બ ગણાવ્યો હતો. તેમનો દાવો છે કે તેઓ મત ચોરીનો હાઈડ્રોજન બોમ્બ જેવો કેસ શરૂ કરશે, જેનાથી વડા પ્રધાન મોદી પોતાનો ચહેરો બતાવી શકશે નહીં. સ્પષ્ટપણે, તેઓ સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે ભાજપ છેતરપિંડી દ્વારા ચૂંટણી જીતી રહી છે. તેઓ એ પણ સમજાવવા માટે ઉતાવળમાં છે કે ચૂંટણી પંચ પણ આ છેતરપિંડીમાં ભાજપને ટેકો આપી રહ્યું છે.એ સમજવું સમજદારીભર્યું રહેશે કે માત્ર સનસનાટીભર્યા દાવા કરવાથી તે આપમેળે ગંભીર આરોપમાં ફેરવાઈ જતું નથી. રાહુલ, જે મત ચોરીના મુદ્દાને ઉજાગર કરી રહ્યા છે, તેમણે એવા મતવિસ્તારનું ઉદાહરણ આપવું જોઈતું હતું જ્યાં ભાજપના ધારાસભ્ય જીત્યા હોત. તેઓ જે આલાન્ડ મતવિસ્તારનો ઉલ્લેખ કરી રહ્યા છે તે વાસ્તવમાં ૨૦૨૩ માં કોંગ્રેસના ઉમેદવાર દ્વારા જીત્યો હતો.

તેઓ મત ચોરીનો મુદ્દો ઉઠાવીને હેડલાઈન્સ બનાવી રહ્યા હોઈ શકે છે, પરંતુ લોકશાહી બચાવવા માટે કામ કરી રહ્યા હોવાના તેમના દાવામાં કોઈ તથ્ય નથી. જો તેમને ખરેખર લોકશાહીની ચિંતા હોય, તો તેઓ મત ચોરીના તેમના કથિત પુરાવા સાથે કોર્ટમાં કેમ નથી જતા? તેઓ વિપક્ષના નેતા છે. તેમણે પરિપક્વ અને જવાબદાર રાજકારણ દર્શાવવું જોઈએ, સનસનાટીભર્યા અને મૂંઝવણ નહીં.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ટ્રાફિક નિયમ - દંડનો ઉલાળિયો કરનારાને સુવિધા

# અમદાવાદમાં કેન્દ્ર શરૂ : તબક્કાવાર અન્ય શહેરોમાં શરૂ થશે : હવે કોર્ટ કેસ - FIRથી બચી શકાશે

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરમાં ટ્રાફિક પોલીસ અને ન્યાયતંત્ર દ્વારા સંયુક્ત પ્રયાસ કરીને એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં ટ્રાફિકના ગુનાબદલ જેમની સામે ટ્રાફિક ઈ ચલણ જારી કરીને દંડની વસુલાત કરવાની હોય તેમની સામે કોર્ટ કેસ થશે નહીં પરંતુ તેઓ ઈ ચલણના ૯૦ દિવસ બાદ પણ પોતાનું ચલણ કોર્ટમાં જઈને સુવિધા કેન્દ્રની હેલ્પ ડેસ્ક ખાતે ભરી શકશે. આમ રાજયનું સૌ પ્રથમ ટ્રાફિક ચલણ સુવિધા કેન્દ્ર અમદાવાદની ઘી કાંટા ખાતે આવેલી ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં શરૂ કરવામાં આવ્યું છે.






જાણવા મળતી વિગતો મુજબ અમદાવાદ સહિત રાજયભરમાં ટ્રાફિકની સમસ્યા, રોંગ સાઈડ ડ્રાઈવિંગ, આડેધડ પાર્કિંગ રોડ ઉપર લારી ગલ્લા તેમજ પાકા બાંધકામના દબાણો, રખડતા ઢોરો સહિતની બાબતોમાં ગુજરાત હાઈકોર્ટમાં એક પિટિશનની સુનાવણી દર સપ્તાહે ચાલી રહી છે. જેમાં અગાઉની એક સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિઓએ સરકારી અધિકારીઓ દ્વારા ટ્રાફિકના ભંગ કરનારાઓ સામે ઉદાસીન વલણ દાખવવામાં આવતા તેમજ અગાઉના આદેશોનું પાલન નહીં કરવામાં આવતા તેમની સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી ચાલુ કરવાની ચીમકી આપી હતી.

તેથી અધિકારીઓ દ્વારા કોર્ટને ખાતરી આપવામાં આવી હતી કે રોંગ સાઈડ ડ્રાઈવિંગ સહિત ટ્રાફિક ના નિયમો કે જેમાં હેલ્મેટ પહેરવાનું પણ સમાવેશ થાય છે તેનો તાત્કાલિક અને અત્યંત કડક રીતે અમલ કરવામાં આવશે.

આ બાબતે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી ચાલી જતા રાજ્ય સરકાર વતી સરકારી વકીલ જીએચ વીર્ક દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે અમદાવાદમાં ટૂંકા સમયમાં રૂપિયા ૨.૪૩ કરોડના ૧૧૩૫૨ જેટલા ઈ ચલણ જારી કરીને આ રકમનો દંડ કરવામાં આવ્યો છે.એટલું જ નહીં રોંગ સાઈડ ડ્રાઈવિંગ કરનારા ૮૬ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ કરવામાં આવેલી છે. ટ્રાફિકનું ઈ ચલણ ૯૦ દિવસ સુધી ઓનલાઈન ભરી શકાય છે અને ત્યારબાદ તેને કોર્ટના માધ્યમથી ભરવાનું હોય છે.

આથી લોકોને કોર્ટ કેસ ના થાય વકીલ ના રાખવા પડે અને સીધી રીતે એને સરળ રીતે ચલણનો દંડ ભરાઈ જાય તે માટે ટ્રાફિક ચલણ સુવિધા કેન્દ્ર ઘીકાંટા કોર્ટ ખાતે ચાલુ કરવામાં આવેલું છે ત્યાં જઈને વ્યક્તિએ પોતાનો ચલણ નંબર આપવાનો રહેશે.

આથી હેલ્પ ડેસ્ક ઉપરથી આ ચલણ ભરવા માટે સુવિધા કરી આપવામાં આવશે અને સરળતાથી તેઓ પોતાનો દંડ છે તે ભરી શકશે. આ ઉપરાંત અમદાવાદના અન્ય વિસ્તારોમાં પણ આ સુવિધા કેન્દ્રો ચાલુ કરવાની વિચારણા ચાલી રહી હોવાનું સરકારી વકીલ એ વધુમાં જણાવ્યું હતું.

## સુઇગામના અનેક ગામોમાં રોગચાળો અટકાવવા આરોગ્યતંત્ર દ્વારા

# બનાસકાંઠામાંથી ૧૯ ટીમોમાં કુલ ૧૨૦ MPHW દ્વારા દવા છંટકાવ અને સર્વે કામગીરી કરવામાં આવી

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૦

બનાસકાંઠાના સુઈગામ તાલુકા ના ૧૯ ગામ માં આરોગ્ય વિષયક સેવાઓ શરૂ કરાઈ. બનાસકાંઠાના પૂરગ્રસ્ત વિસ્તારમાં રોગચાળો ન ફેલાય તે માટે જિલ્લાનું આરોગ્યતંત્ર સક્રિય બન્યું છે જે માટે સુઈગામ તાલુકાના ૧૯ ગામ માં સેવા શરૂ કરી પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં ક્લોરિનેશનની સાથે દવાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છેઈ





ઉપરાંત હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરાઈ છે પૂરગ્રસ્ત સુઈગામ તાલુકામાં સંભવિત રોગચાળો ન ફેલાય તે માટે દવા છંટકાવ આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે તાલુકાના ૧૯ ગામોમાં ટીમો દ્વારા ઘરે ઘરે જઈ ક્લોરીનેશન ની ગોળીઓ ORS પેકેટ તેમજ પોરાનાશક કામગીરી તેમજ મેડિકલ કેમ્પ કરી આરોગ્ય લક્ષી સેવાઓ અને આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે.. તેમજ બાકી ના તમામ ગામો માં આરોગ્ય ટીમ દ્વારા કેમ્પ કરી ને તેમજ ઘરે ઘરે જયી તપાસ તેમજ સર્વે કરી રયા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. સામાજિક તથા રાજનૈતિક સીમા પણ વધશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

**વૃષભઃ** નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો. આર્થિક મામલે વધારે વિચાર કરવાની જરૂરિયાત રહેશે.

**મિથુનઃ** વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દૃષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે તમારો રસ વધશે.

**કર્કઃ** જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. વ્યવસાયમાં તમારા સખત પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઇ જશે.

**સિંહઃ** આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે, પરંતુ ખર્ચા પર નજર રાખો. ઠંડા-ગરમ વાતાવરણના કારણે ગળમાં તકલીફ રહેશે.

**કન્યાઃ** જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો. આજે માનસિક રૂપથી ખૂબ જ સંતોષજનક સમય છે.

**તુલાઃ** મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે.વ્યવસાયમાં હાલ વધારે સુધારની જરૂરિયાત નથી. વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઈફ માટે સમય આપશો.

**વૃશ્ચિકઃ** ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે. જીવનસાથીને નવા ધંધાનો પ્રારંભ કરવા માટેનો સહયોગ મળશે.

**ધનઃ** રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. નબળાઇના કારણે પગમાં દુખાવાની પરેશાની રહેશે. આજે મોટાભાગનો સમય અધ્યાત્મક ગતિવિધિઓમાં પસાર થશે. જો કોઇ સરકારી કામ અટવાયેલું છે તો આજે તેના ઉપર કામ કરો.

**મકરઃ** પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા પાછા મળવાની શક્યતા છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો.

**કુંભઃ** પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. વિદ્યાર્થીઓને લગતાં કોઇ કામમાં સફળતા મળવાની પૂર્ણ સંભાવના છે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે.

**મીનઃ** ઘરમાં રિનોવેશન અને સજાવટને લગતા પરિવર્તન આવશે. વિદ્યાર્થીઓએ ખોટી ગતિવિધિઓમાં ધ્યાન ન આપીને પોતાના અભ્યાસ ઉપર ધ્યાન આપવું.

## ફિલ્મી ગપશપ

# હોલીવુડની ફિલ્મોમાં વોર્નર બ્રધર્સની ફિલ્મો ભારતમાં મોટી હિટ સાબિત થઈ

**ભારતમાં સ્ટુડિયોનો બજાર હિસ્સો આ વર્ષે બમણો થઈ ગયો હતો, જેમાં મૂળ અને ફ્રેન્ચાઇઝી ફિલ્મો પર દાવ સફળ રહ્યો હતો, જ્યારે હિન્દી ફિલ્મોએ અન્ડરપર્ફોર્મ કર્યું હતું**

મુંબઈ : વર્ષ ૨૦૨૫માં હોલિવૂડની ફિલ્મોએ ભારતીય બોક્સ ઑફિસ પર જબરજસ્ત સફળતા હાંસલ કરી છે અને મુખ્ય પ્રવાહની બોલિવૂડ ફિલ્મોને પાછળ છોડી દીધી છે. મોટી હિટ્સમાં એફ ૧, મિશન ઈમ્પોસિબલ ધ ફાઈનલ રેકનિંગ, જુરાસિક વર્લ્ડ રિબર્થ અને ધ કન્જયુરિંગઃ ધ લાસ્ટ રાઈટ્સનો સમાવેશ થાય છે. આ સફળ સફરમાં, યુએસ સ્થિત વોર્નર બ્રધર્સ પિક્ચર્સે ૨૦૨૫ માં ભારતમાં તેનો માર્કેટ શેર બમણો કરી દીધો છે.

વોર્નર બ્રધર્સ ડિસ્કવરી (પેરેન્ટ કંપની)ના ઈન્ડિયા થિયેટ્રિકલ વાઈસ પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર ડેન્ઝિલ ડાયસે જણાવ્યું હતું કે, ×મધ્યમ, નાના અને મોટા બજેટની ફિલ્મો અને વિવિધ શૈલીઓની ફિલ્મોનું યોગ્ય સંતુલન અમારા માટે કામ કરે છે.

૨૦૨૫માં અત્યાર સુધીમાં હોલિવૂડની ફિલ્મોએ ભારતમાં રૂ.૮૬૨ કરોડથી વધુની કમાણી કરી છે. આમાંનો અડધો ભાગ વોર્નર બ્રધર્સ ફિલ્મોનો છે. ૨૦૨૪માં આ હિસ્સો ૨૪ ટકા હતો. ડાયસે જણાવ્યું હતું કે, ×અમે પ્રેક્ષકોનો આધાર બનાવવા માંગીએ છીએ.×

દર્શકો બ્લોકબસ્ટર માટે આવે છે, પરંતુ અમે ઇચ્છીએ છીએ કે નાના અને મધ્યમ બજેટની ફિલ્મો પણ થિયેટરોમાં કામ કરે. ડાયસે એ પણ ધ્યાન દોર્યું હતું કે રોગચાળા પછી પ્રેક્ષકો થિયેટરોમાં જવા વિશે વધુ કડક વલણ અપનાવી રહ્યાં છે, જે ફિલ્મ નિર્માણને ગંભીર અને જવાબદાર કાર્ય કરવા માટે દબાણ કરે છે. પરંતુ સારી વાત એ છે કે લોકો સારી ફિલ્મ જોવા માટે પ્રીમિયમ ટિકિટના ભાવ ચૂકવવા તૈયાર હોય છે.

એફ ૧, ફાઈનલ ડેસ્ટિનેશન બ્લડલાઈન્સ, સુપરમેન, વેપન્સ, માયક્રોફ્ટ, ડ્યુન પાર્ટ ટુ, સિનર્સ અને ધ કન્જ્યુરિંગઃ લાસ્ટ રાયટ્સ જેવી વોર્નર બ્રધર્સની ફિલ્મોએ ૨૦૨૫ માં ભારતમાં સારું પ્રદર્શન કર્યું હતું અને અત્યાર સુધીમાં રૂ.૪૩૨ કરોડની કમાણી કરી છે.

તેમણે કહ્યું કે, ×ફિલ્મ વિતરણ અને માર્કેટિંગ માત્ર યોગ્ય થિયેટરમાં ફિલ્મ રિલીઝ કરવા અને શોની સંખ્યા નક્કી કરવા વિશે નથી. તે યોગ્ય ભાષામાં પ્રકાશન વિશે પણ છે. અમે હિન્દી ડબ કરેલા સંસ્કરણમાં જુરાસિક વર્લ્ડ રિબર્થ રિલીઝ કરવા વિશે સ્પષ્ટ હતા. આજે કમાણીનો ૪૦ ટકા હિન્દી ડબ વર્ઝનથી આવે છે. જુરાસિક વર્લ્ડ રિબર્થ બનાવનાર યુનિવર્સલ પિક્ચર્સનું ભારતમાં વોર્નર બ્રધર્સ સાથે ડિસ્ટ્રિબ્યુશન જોડાણ છે.

વોર્નર બ્રધર્સની સફળતાના બે મુખ્ય કારણો જણાવતા ડાયસે કહ્યું કે પ્રથમ, સ્ટુડિયોએ વેપન્સ અને કમ્પેનિયન જેવી મધ્યમ અને નાની મૂળ ફિલ્મો પર બોલ્ડ બેટ્સ લગાવ્યા હતાં, જે સફળ રહી હતી. બીજું, ફ્રેન્ચાઇઝી ફિલ્મોને જે રીતે હેન્ડલ કરવામાં આવે છે.

## સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

# વરસાદના કારણે નુકશાન પામેલ રોડ રસ્તા રિપેરીંગ, વરસાદના સર્વે, ચીઠોડા, સરસવ પોલીસ સ્ટેશન અંગે પ્રશ્ન રજૂ કર્યા હતા

(ગરવી તાકાત) ઈડર તા.૨૦

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુની અધ્યક્ષતામાં કલેકટર કચેરી, હિંમતનગર ખાતે યોજાઈ હતી.

રાજ્ય સભા સાંસદ રમીલાબેન બારાએ આદિજાતિ વિસ્તારમાં શિક્ષણ, આંગણવાડી, શાળાઓના ઓરડા, પીવાના પાણી અંગે, વન મંડળીઓ, આદિજાતી વિસ્તારમાં સફાઇ, ઘન કચરાના વ્યવસ્થાપન અંગે, ધરતી આંબા અભિયાન , એસ.ટી બસોની ટ્રીપ, તળાવ ભરવા બાબત, પંચાયતના રસ્તાઓ, બ્રિજ તેમજ વરસાદના કારણે નુકશાન પામેલ રોડ રસ્તા રિપેરીંગ, વરસાદના સર્વે, ચીઠોડા, સરસવ પોલીસ સ્ટેશન અંગે પ્રશ્ન રજૂ કર્યા હતા

હિંમતનગર ધારાસભ્ય વી ડી ઝાલાએ રાયગઢના પ્રતાપસાગર તળાવના બ્યુટીફિકેશન, હિંમતનગર વિસ્તારમાં ટ્રાફિક સિગ્નલ, ગ્રીન વોલ પ્રોજેક્ટ, રેલ્વે બ્રિજ, નૅશનલ હાઈવે, રસ્તાઓ તેમજ સર્વિસ રોડ, અન્ડર ગ્રાઉન્ડ વીજ લાઈન, નવીન ગ્રામ પંચાયત મકાન, શાળાના ઓરડા, નવરાત્રીના તહેવાર નજીક હોવાથી લાઈટના પ્રશ્નો સહિત જન સામાન્યને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા.

સંકલન બેઠકમાં પદાધિકારીઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નોના અમલીકરણ અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા.



સંકલન ભાગ-૨ માં પેન્શન કેસ, ખાનગી અહેવાલ, કચેરી નીરીક્ષણ , કલેક્ટરને લોક રજૂઆત અંગે અમલીકરણ અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરાઈ હતી.

આ બેઠક આદિ કર્મયોગી, વિકાસ સપ્તાહ, મુખ્ય મંત્રી એપ્રેન્ટીસ યોજના, મીશન લાઈફ સહિત અન્ય કાર્યક્રમો અંગે થયેલ કામગીરી અંગે ચર્ચા કરાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, નિવાસી અધિક કલેકટર કે.એ.વાઘેલા, પ્રાંતિજ પ્રાંત આયુસી જૈન, ગ્રામ વિકાસ એજન્સી નિયામક પાટીદાર, પ્રાયોજના વહીવટદારશ્રી વિશાલ સકસેના, તમામ પ્રાંત અધિકારી સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં અત્યારસુધીમાં સરેરાશ ૧૦૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો, કચ્છમાં સૌથી વધુ ૧૩૫ ટકા વરસાદ

ગાંધીનગર,તા.૨૦

રાજ્યમાં આ વર્ષે પણ ચોમાસું ફળદાયી નીવડ્યું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરની દ્વારા જણાવાયું છે કે, રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૧૦૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.



જેમાં સૌથી વધુ કચ્છ પ્રદેશમાં ૧૩૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૨ ટકા, પૂર્વ-મધ્યમમાં ૧૧૦ ટકા, જ્યારે સૌરાષ્ટ્રમાં ૯૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે.વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૪૫ ડેમ હાઈએલર્ટ એટલે કે ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. જ્યારે ૧૨ ડેમ એલર્ટ પર તેમજ ૧૭ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૯૩ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે.ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સરેરાશ કુલ ૯૭.૭૨ ટકા વિસ્તારમાં ખરીફ –ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૨ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨૦ લાખ હેક્ટરમાં કપાસ જ્યારે ત્રીજા ક્રમમાં ૦૯ લાખ હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૨માં ૧૨૨ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦૮ ટકા અને વર્ષ ૨૦૨૪માં ૧૪૩ ટકા વરસાદ નોંધાયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં આજની સ્થિતિએ ૧૦૮ ટકા વરસાદ નોંધાયો છે.

# ગોધરાની દીપ મેટરનિટી હોસ્પિટલમાં નવજાત બાળકીની ટ્રાફિકિંગ કૌભાંડ, ૮ લોકો સામે ફરિયાદ દાખલ

ગોધરા,તા.૨૦

ગોધરાના બામરોલી રોડ પર આવેલી દીપ મેટરનિટી એન્ડ ચિલ્ડ્રન હોમ હોસ્પિટલમાં નવજાત બાળકીની ટ્રાફિકિંગનો એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગોધરા શહેર વિભાગીય પોલીસ સ્ટેશનમાં હોસ્પિટલ સ્ટાફ, બાળકીને જન્મ આપનાર અજાણી મહિલા અને બાળકીને ગેરકાયદેસર રીતે ખરીદનાર દંપતી સહિત આઠ લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, ગેરકાયદેસર રીતે દત્તક લીધેલી બાળકી બીમાર પડતાં સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું. બાળકીને ગોધરા, ત્યારબાદ વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારની વિવિધ હોસ્પિટલોમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી.

આ સમય દરમિયાન, એક ખાનગી હોસ્પિટલના ડૉક્ટરને બાળકીના દસ્તાવેજો અને દંપતીના વર્તન પર શંકા ગઈ અને તેણે પોલીસને જાણ કરી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે આ એક સુનિયોજિત કાવતરું હતું. દીપ મેટરનિટી હોસ્પિટલમાં એક અજાણી મહિલાએ બાળકીને જન્મ આપ્યો.

જન્મ આપ્યા પછી, માતાએ બાળકીને ત્યજી દીધી. ત્યારબાદ, આર્થિક લાભ મેળવવા માટે, હોસ્પિટલના કર્મચારીઓએ ગોધરા તાલુકાના એક ગામના નિઃસંતાન દંપતીને ગેરકાયદેસર રીતે બાળક વેચી દીધું. શરૂઆતમાં વડોદરાના સાવલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ગોધરામાં આ ઘટના બની હોવાથી, કેસ કલમ ૦૧ થી ગોધરા સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો.

ગોધરા પોલીસે માનવ ટ્રાફિકિંગ અને અન્ય સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો છે અને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

પોલીસે દીપ મેટરનિટી હોસ્પિટલના જવાબદાર સંચાલકો અને સ્ટાફ, બાળકને જન્મ આપનાર અજાણી મહિલા અને બાળકની ગેરકાયદેસર ખરીદી, વેચાણ અને દત્તક લેવામાં સંડોવાયેલા કુલ આઠ લોકો સામે ફરિયાદ દાખલ કરી છે. પોલીસ હાલમાં તમામ આરોપીઓની પૂછપરછ કરી રહી છે અને આ કૌભાંડમાં અન્ય કોઈ સંડોવાયેલ છે કે કેમ તેની તપાસ કરી રહી છે. આ ઘટનાથી ગોધરા વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

## સો દુઃખોની એક જ દવા છે - આત્મનિર્ભર ભારત : ભાવનગરમાં વડાપ્રધાનનું આહ્વાન

# ચિપ હોય કે શિપ ભારતમાં બનાવો : મોદીનો નવો મંત્ર

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૦

ભાવનગર ખાતે આજરોજ વડાપ્રધાન નરેન્દ્રમોદીએ રોડ શો યોજી ભાવનગરની જનતાનું અભિવાદન જીલ્યા બાદ જવાહર મેદાન ખાતે વિશાળ જનમેદનીને સંબોધન સાથે ચિપ થી લઈ શિપ ભારતમાં બનાવોનો મંત્ર આપ્યો હતો સાથે ૨૭ હજાર કરોડના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત લોકાર્પણ કર્યુ હતું.

જાહેર જનતાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રમોદીએ જણાવ્યુ હતું કે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત થવા માટે ભારતનું આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે. તેમણે ‘ચીપ હોય કે શીપ, આપણે ભારતમાં જ બનાવવા પડશે‘ નો નારો આપ્યો અને કહ્યું કે આ જ વિચાર સાથે આજે ભારત મેરિટાઈમ સેક્ટરમાં નેક્સ્ટ જનરેશન રિફોર્મ કરવા જઈ રહ્યું છે.

તેમણે એક ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે હવે સરકારે મોટા જહાજોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે માન્યતા આપી દીધી છે, જે દેશના મેરિટાઈમ સેક્ટરને મજબૂતી આપશે.

વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, આઝાદી પછી કોંગ્રેસે ભારતની દરેક ક્ષમતાને નજરઅંદાજ કરી, જેના કારણે ૬-૭ દાયકા બાદ પણ ભારત તે સફળતા પ્રાપ્ત કરી શક્યું નથી જેનો તે હકદાર હતો.

તેમણે આ માટે બે મોટા કારણો આપ્યાઃ  લાંબા સમય સુધી કોંગ્રેસ સરકારે દેશને લાયસન્સ-કોટા રાજમાં ફસાવી રાખ્યો દેશને વૈશ્વિક બજારથી અલગ-થલગ રાખ્યો, જેનાથી યુવાનોને મોટું નુકસાન થયું.

વધુમાં સંબોધતા કહ્યું કે, તેઓ એવા સમયે અહીં આવ્યા છે જ્યારે નવરાત્રિનો પર્વ શરૂ થવા જઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે આ વખતે જીએસટીમાં ઘટાડાને કારણે બજારોમાં વધુ રોનક જોવા મળશે અને આ ઉત્સવના માહોલમાં આપણે ‘સમુદ્રથી સમૃદ્ધિનો મહા-ઉત્સવ‘ મનાવી રહ્યા છીએ.

ભારતને જો ૨૦૪૭ સુધીમાં વિકસિત થવું હોય તો તેને આત્મનિર્ભર બનવું પડશે. આત્મનિર્ભર બનવા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી. ૧૪૦ કરોડ દેશવાસીઓએ એક સંકલ્પ લેવો જોઈએ કે, ચિપ હોય કે શિપ, આપણે ભારતમાં જ બનાવવી છે.

હવે વ્યાપાર અને કારોબારને વધુ સરળ બનાવવાનો સમય છે. તેમણે કહ્યું કે, તાજેતરના મોનસૂન સત્ર દરમિયાન સંસદમાં અમે અંગ્રેજોના સમયથી ચાલી આવતા ઘણા જૂના કાયદાઓને બદલ્યા છે. મેરીટાઈમ સેક્ટરમાં પણ સુધારા કરવામાં આવ્યા છે. આ નવા કાયદાઓથી શિપિંગ સેક્ટરમાં મોટો બદલાવ આવવાની શક્યતા છે, જે આ ક્ષેત્રને વધુ ગતિ આપશે.

ગુજરાતીમાં એક કહેવત છે, ‘૧૦૦ દુઃખની એક દવા‘, અને મારા મતે, આ ૧૦૦ દુઃખોની એક જ દવા છે - ‘આત્મનિર્ભર ભારત‘. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આત્મનિર્ભર બનવા માટે આપણે પડકારોનો સામનો કરવો પડશે અને અન્ય દેશો પરની આપણી નિર્ભરતા સતત ઘટાડવી પડશે. ભારતને આત્મનિર્ભર બનીને દુનિયા સામે મજબૂતીથી ઊભા થવું પડશે. આ જ આપણા ભવિષ્યની સુરક્ષા માટે એકમાત્ર માર્ગ છે.

સાચા અર્થમાં જો આપણો કોઈ દુશ્મન હોય તો તે બીજા દેશો પરની આપણી નિર્ભરતા છે. તેમણે આ નિર્ભરતાને હરાવવા માટે સૌને સાથે મળીને કામ કરવા આહ્વાન કર્યું.

‘૧૭ સપ્ટેમ્બરે તમે સૌએ તમારા નરેન્દ્ર ભાઈને જે શુભેચ્છાઓ મોકલી છે, દેશ અને દુનિયામાંથી મને જે શુભેચ્છાઓ મળી છે, તે દરેકનો વ્યક્તિગત રીતે આભાર માનવો શક્ય નથી. પરંતુ, ભારતના ખૂણેખૂણેથી અને વિશ્વભરમાંથી મને જે પ્રેમ અને આશીર્વાદ મળ્યા છે, તે મારી સૌથી મોટી સંપત્તિ છે, તે મારી સૌથી મોટી તાકાત છે. તેથી, આજે હું જાહેર મંચ પરથી દેશ અને દુનિયાના તમામ મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કં છું.‘



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંતમાં જણાવ્યું હતુ કે,‘આ કાર્યક્રમ ભાવનગરમાં થઈ રહ્યો છે, પરંતુ આ કાર્યક્રમ સમગ્ર ભારતનો છે. સમગ્ર ભારતમાં સમુદ્રથી સમૃદ્ધિ તરફ જવાની આપણી દિશા શું છે, તે માટે આજે આ મહત્વપૂર્ણ કાર્યક્રમનું કેન્દ્ર ભાવનગરને પસંદ કરવામાં આવ્યું છે. ગુજરાત અને ભાવનગરના લોકોને ખૂબ ખૂબ અભિનંદન આવ્યા હતાં.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, ગુજરાત દેશમાં સૌથી લાંબો ૧૬૦૦ કિમી સમુદ્ર કિનારો ધરાવતું રાજય છે. વિકાસના કાર્યો માટે આગવી સુઝ્‍ઝ ધરાવતું નેતૃત્વ મળે તો કોઈ રાજય દેશના વિકાસનું રોલ મોડલ કેવી રીતે બની શકે તે વાત ગુજરાતે ૨૦૦૧ માં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની વિઝનરી લીડરશીપમા પુરવાર કર્યુ છે.

૨૧ મી સદીમાં બદલાયેલા વૈશ્વીક પરિબળો આધુનિક વેપારની તકો તેમજ અદ્યતન ટેકનોલોજીનો સમન્વય દરિયાઈ સંસ્કૃતિ સાથે કરવાનું વિઝન વડાપ્રધાન મોદી આપ્યું છે.

આત્મનિર્ભર ભારત માટે પણ દેશવાસીઓને આહવાહન કર્યું છે. આત્મનિર્ભર ભારત માટે સ્વદેશી દેશમા બનેલી ચિજવસ્તુઓના ઉપયોગ કરવા આપણે સૌ લોકલ ફોર વોકલને વેગ આપીએ તે આજના સમયની માંગ છે.

આવનાર તહેવારોમાં આપણે સૈ સ્વદેશી દિવાળીનો સંકલ્પ કરીને દેશમા બનેલી વસ્તુનું ઉત્પાદીત સાધન સામગ્રીની ખરીદી કરીએ. સમૃદ્ધના નવા અધ્યાયની શરૂઆત બદલ વડાપ્રધાનને અભિનંદન પાઠવ્યા.

આ કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રી ડો. મનસુખભાઈ માડવીયા, કેન્દ્રીય રાજયમંત્રી શાંતનું ઠાકોરજી, શ્રીમતી નિમુબેન બાંભણીયા, રાજયનામંત્રીઓ કનુભાઈ દેસાઈ, રૂષીકેશભાઈ પટેલ, રાઘવજીભાઈ પટેલ, મી કુવરજીભાઈ બાવળીયા,શ્રીમતી ભાનુબેન બાબરીયા, પરષોત્તમભાઈ સોલંકી, ધારાસભ્યઓ, પંચાયતના પ્રમુખઓ, પદાધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં ભાવનગરના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભાવનગર ખાતે આગમન થતાં યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાવનગરની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વડાપ્રધાનને આવકારવા માટે અનોખો ઉત્સાહ દર્શાવ્યો હતો.

ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, એસ.એસ. કોલેજ, મહારાજા કૃષ્ણકુમાર સિંહજી ભાવનગર યુનિવર્સિટી અને સર બીપીટીઆઈ કોલેજના ગજજ (નેશનલ સર્વિસ સ્કીમ)ના સ્વયંસેવકો હ્લમાય ભારત‘ના લોગોવાળા ટી-શર્ટ અને કેપ પહેરીને સભા સ્થળે પહોંચ્યા હતાં.

**CMએ PM મોદીનું કર્યુ અનોખી રીતે સ્વાગત, સોશિયલ મીડિયા પર ફેર્ક્ષ્ી ગીત કર્યુ પોસ્ટ**

PM મોદી આજે ગુજરાતની મુલાકાતે છે. ભાવનગરમાં ભવ્ય રોડ શો કર્યા બાદ પ્રધાનમંત્રી સમુદ્ર સે સમૃદ્ધિ કાર્યક્રમમાં સંબોધિત કર્યુ હતું. ત્યારે મુખ્યમંત્રીએ વડાપ્રધાને આવકાર આપવા માટે સોશિયલ મીડિયા પર એક ગીત પોસ્ટ કર્યું છે.

મુખ્યમંત્રીએ ગીત પોસ્ટ કરતી વખતે લખ્યું કે, સ્વાગત છે મોદીજી...

માનનીય મોદીજી આજે ગુજરાતની મુલાકાતે છે. આ પ્રસંગે, હું આ ગીત તમારા બધા સાથે શેર કરી રહ્યો છું, જે દેશના સામાન્ય લોકોની મોદીજી પ્રત્યેની લાગણીઓને વ્યક્ત કરે છે.

મોદીજીએ દરેક સામાન્ય નાગરિકની સંભાળ રાખીને દરેક નાગરિકના હૃદયમાં સ્થાન મેળવ્યું છે. રાષ્ટ્રીય હિતને પ્રથમ સ્થાને રાખીને, તેમણે ભારતનો ધ્વજ વિશ્વમાં ઊંચો કર્યો છે. આ ગીત તે લાગણીઓનો પડઘો છે... તે ગૌરવનું પ્રતિબિંબ છે.×

## ભાવનગરમાં મહિલા કોલેજ સર્કલથી રૂપાણી સર્કલ સુધી વડાપ્રધાનના સ્વાગતમાં દેશભક્તિઓની ઝાંખી

# સુશાસન થીમ પર સુશોભન : અયોધ્યાનું પ્રતિકાત્મક રામમંદિરથી લઈને જૈન સંપ્રદાયના શેત્રુંજી પર્વત દર્શાવતો ટેબ્લો : વિવિધ વેશભૂષામાં સાંસ્કૃતિક કાર્યક્રમો

ભાવનગર તા.૨૦

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પસમુદ્ર સે સમૃદ્ધિથ કાર્યક્રમમાં ભાગ લેવા જતાં પહેલાં ભાવનગર એરપોર્ટથી સીધા મહિલા કોલેજ ખાતે પહોંચ્યાં હતા જ્યા હજારોની સખ્યામાં ઉપસ્થિત ભાવેણાવાસીઓએ ભારત માતા કી જય, વંદે માતરમના જયઘોષ સાથે વડાપ્રધાનશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. મહિલા કોલેજ સર્કલ થી રૂપાણી સર્કલ સુધી વડાપ્રધાનશ્રીએ કારમાં બેસીને ભવ્ય રોડ શો માં ઉપસ્થિત રહી ભાવેણાવાસીઓનું અભિવાદન ઝીલ્યું હતું. નગરજનોએ વડાપ્રધાનશ્રીના ઓવારણા લઈને વિકસિત ભારતના સ્વપનને મૂર્તિમંત કરવા માટે ભગવાન




તેમને શક્તિ આપે તેવો ભાવ પ્રગટ કર્યો હતો. લોકોએ ઢોલ, નગારાના નાદ અને ફૂલોની વૃષ્ટિ થી વડાપ્રધાનશ્રીને અભિવાદિત કર્યા હતાં.

રોડ શો દરમિયાન મહિલા કોલેજ ખાતે પરંપરાગત નૃત્ય, આંબાવાડી ખાતે ૧૧ વર્ષ સુશાસનના થીમ પર વિકાસગાથા દર્શાવતી ગાથા, ગુડ્સ એન્ડ સર્વિસ, ધોલેરાસરના વિકાસની થીમ પરનો ટેબ્લો, અયોધ્યાનું પ્રતિકાત્મક રામ મંદિર, શિવોદય એપાર્ટમેન્ટ ખાતે વૈદિક ગાન, ઘોઘા સર્કલ ખાતે શહેરી વિકાસ વર્ષ થીમ પરનો ટેબ્લો, સી.એન.જી.શીપ કાર્ગો ટર્મિનલ દર્શાવતો ટેબ્લો, મીઠાવાળા બંગલા સામે આત્મનિર્ભર ભારત-સ્વદેશી અપનાવો થીમ પરનો ટેબ્લો, થિયોસોફિકલ લોજના ગેટ પાસે વંદે ભારત ટ્રેન અને જૈન સંપ્રદાયનો શેત્રુંજી પર્વત દર્શાવતો ટેબ્લો, રૂપાણી સર્કલ ખાતે ઓપરેશન સિંદૂર થીમ પર સ્કાઉટ ગાર્ડ દ્વારા કૃતિ, માતૃદેવો ભવ થીમ પર સીનિયર સિટિઝન મહિલાઓ દ્વારા ગરબો સહિતની ૧૫ જેટલી વિવિધ કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. દેશભક્તિના ગીતોથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી ઓતપ્રોત બન્યું હતું.

વિવિધ ધર્મ, સમાજ અને સંસ્થાના લોકો વિવિધ વેશભૂષા, ચિત્રો તથા બેનરો લઈને વડાપ્રધાનશ્રીની એક ઝલક જોવા નાગરિકો રોડ શોમાં આતુર બન્યા હતાં. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ભાવેણાના મહેમાન બનતાં ઉપસ્થિત સૌ કોઈ હરખઘેલા બન્યાં હતાં.

# આનંદ અને ખુશી એવી વસ્તુઓ છે જે કદાચ આપણી પાસે ન હોય તો પણ આપણે બીજાઓને આપી શકીએ છીએ



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા




સૌને જય માતાજી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો રાજાએ ધ્રુવનો તિરસ્કાર કર્યો. મુખ ફેરવી લીધું. ધ્રુવજીને આશા હતીકે,પિતાજી જરૂર ગોદમાં લેશે ધ્રુવજીએ બે હાથ ઊંચા કર્યા છે. બાપુ મને ગોદમાં લો!ત્યાં તો સુરુચિ ધ્રુવકુમારને કહે છે, અહીંથી ચાલ્યો જા.રાજાની ગોદમાં બેસવાને તું લાયક નથી. અણમાનીતી રાણી સુનીતિનો પુત્ર છે. તું તારા પિતાની ગોદમાં નહીં બેસી શકે.ધ્રુવજી કહે છે,મા,હું મારા બાપુનો દીકરો નહીં? આ સાંભળ્યું કે સુરુચિએ મ્હેણું માર્યું, તારી મા રાણી નથી.રાણી તો હુંછું તારી મા તો દાસી છે.જો તને રાજાની ગોદમાં બેસવાની ઈચ્છા હોય તો વનમાં જા અને ઈશ્વરને પ્રસન્ન કરી મારા પેટે જન્મ માગ. ભગવાન પ્રસન્ન થયા પછી તારે ઘરે જન્મ લેવાની શું જરૂર હતી? પણ મૂર્ખ હતી એટલે આવું બોલે છે.

ધ્રુવકુમાર રડતાં રડતાં સુનીતિ પાસે આવે છે. સુનીતિ પૂછે છે, બેટા, તને શું થયું? તું કેમ રડે છે. બાળક એક અક્ષર પણ બોલતો નથી, માત્ર રડે છે. સુનીતિ જાણે છે કે, મારો બાળક ડાહ્યો છે. તે મારી સ્થિતિ જાણે છે. સુનીતિનો દીકરો સુશીલ હતો.મા જેની સુનીતિ એનો દીકરો સુશીલ હોય જ. વંશમાં અનેક પેઢીનું પુણ્ય ભેગું થાય તો છોકરા ઉદાર બને.

ધ્રુવે વિચાર કર્યો કે,હું વાત કહીશ તો પરંપરાથી માતાપિતાની નિંદા કર્યાનું પાપ લાગશે.ત્યાં એકદાસી એ આવી બનેલી બધી વાત કહી.

વાત સાંભળી સુનીતિના મનમાં થયું કે, સુરુચિનું મેં કાંઈ બૂરું કર્યું નથી. પણ મારી શોક્ય માટે મારા મુખમાંથી ખરાબ બોલ નીકળશે તો ધ્રુવના મનમાં કાયમના માટે વેરના સંસ્કાર પડશે, અને એના મનમાં હંમેશને માટે સુરુચિ પ્રત્યે વેરનું બીજ રોપાશે.

માતા સુનીતિ હોય તો બાળકને હજારો શિક્ષકો કરતાં પણ વધારે ભણાવી શકે છે.

સુનીતિ દુઃખના વેગને દબાવી ધીરજ ધારણ કરી. પછી કહે છે, તારી ઓરમાન માએ તને જે બોધ કર્યો છે તે ખોટો નથી. હું પણ તને એ જ બોધ કરું છું. બેટા,ભીખ માગવી હોય તો ભગવાન પાસે જ માગવી. મનુષ્ય પાસે માગશો ઘણું, ત્યારે આપશે ઓછું અને કોઈવાર તિરસ્કાર કે અપમાન પણ કરશે.માટે ઠાકોર જી પાસે જ માગવું. ભગવાન આપવા બેસે છે ત્યારે જીવ ઝીલી ન શકે એટલું આપે છે. બેટા, તારા ઉપર ભગવાન કૃપા કરશે, તને ગોદમાં લેશે. તારા સાચા પિતા પરમાત્મા છે. જીવ માત્રના સાચા પિતા પરમાત્મા છે. મેં તને નારાયણને સોંપ્યો છે. જે પિતા તારી સામે જોવા તૈયારનથી એ ઘરમાં રહેવામાં સાર નથી. આ ઘરમાં રહીશ તો તારી ઓરમાન મા તને હંમેશાં દુઃખ દેશે, એટલે તું રડીશ. રડીશ એટલે મને પણ દુઃખ થશે. તેથી તારી ઓરમાન માએ તને વનમાં જવાનું કહ્યું તે સાચું કહ્યું છે. તેમાં તારું કલ્યાણ છે. જો તું ઉત્તમની સમાન રાજ સિંહાસન પર બેસવા ઈચ્છતો હોય તો શ્રી ભગવાનનાં ચરણ કમળનું આરાધન કર. તું સ્વધર્મ પાલનથી પવિત્ર થયેલા તારા ચિત્તમાં પુરુષોત્તમ ભગવાનની સ્થાપના કર અને બીજા સઘળા નું ચિંતન છોડીને કેવળ તેમનું જ ભજન કર.

તું વનમાં જઈ ભગવાનનું ભજન કર. ત્યારે ધ્રુવજી કહે છે કે, મને આ ઘરમાં માન નથી તો તને પણ ક્યાં માન છે? માટે આપણે બંને વનમાં જઈ ભજન કરીશું.સુનીતિ કહે છે,બેટા,હું સ્ત્રી છું.ભલે મારો પતિ મારો તિરસ્કાર કરે પણ મારાથી મારા પતિદેવનો ત્યાગ થઈ શકે નહીં.તું સ્વતંત્ર છે, પણ હું પરતંત્ર છું.મારા પતિને શોક્ય વહાલી છે તો એ શોક્યની પણ હું સેવા કરીશ.હું તને એકલો મોકલતી નથી.મારા આશીર્વાદ તારી સાથે છે. નારાયણ તારી સાથે છે.માટે વનમાં જઈ પરમાત્માનું આરાધન કર. નારાયણ તને જરૂર ગોદમાં લેશે.

જીવ અનુભવ કરતો નથી કે મારી સાથે ઈશ્વર છે.જીવ માત્રનાસાચા મિત્ર નારાયણ છે.ભગવાનવિચાર કરતા નથી કે,આ તવંગર છે કે ગરીબ છે,જ્ઞાની છે કે અભણ છે, મોટો છે કે નાનો છે.ભગવાન એક વિચાર કરે છે, તેને મારામાં પ્રેમ છે કે નહીં. પરમાત્માને પ્રેમથી પોકારો એટલે તે દોડતા આવે છે.

એકાંતમાં પ્રભુને તમારા દુઃખની કથા કહેજોને કરગરજો કે, ભગવાન આ પાપની આદત છૂટતી નથી. મારા પર કૃપા કરો. પ્રભુને આ પ્રમાણે પ્રાર્થના કરશો તો પ્રભુ જરૂર સાંભળશે.

બાળક જીવ વિચારમાં પડી જાય છે કે,શું મારા જેવા બાળને ભગવાન મળે?સુનીતિ કહે છે, કે મળે! ભગવાન વેશ જોતા નથી, ઉંમર જોતા નથી.માત્ર હૃદય જુએ છે. એ ભાષા નથી જોતા, માત્ર ભાવ જુએ છે. પ્રેમથી જે ઈશ્વરને પોકારે તેની સમક્ષ પરમાત્મા પ્રગટ થાય છે.

આતુરતા વગર ભગવાન મળતા નથી. આરતી પણ આર્ત બનીને ઉતારો.ઉપનિષદમાં ઈશ્વરે કહ્યું છે આ જીવ મારો પુત્ર છે.એ અમૃત નો પુત્ર જીવને મારી ગોદમાં લેવા હું તૈયાર છું;પણ તે મારી પાસે આવતો નથી.

શ્રીનાથજીનો ઊંચો કરેલો હાથ જોઈ એક વૈષ્ણવે તેઓને પૂછ્યું, હે શ્રીનાથજી બાબા, આપે એક હાથ ઊંચો કેમ રાખ્યો છે?

ત્યારે શ્રીનાથજીએ કહ્યું, મારાં બાળકો બધાં ભૂલી ગયાં છે. હું તેઓને ઊંચો હાથ કરીને રોજ બોલાવું છું; પણ તેઓ મારી પાસે આવતા નથી.

સુનીતિએ વિચાર કર્યો. બાળક મને તો વંદન કરેછે,પણ ઓરમાન માને સદભાવથી વંદન કરે તો તેનું કલ્યાણ થાય.કોઈપ્રત્યે દ્વેષ રાખી ઈશ્વર આરાધના કરવા જાય તો આરાધના સફળ ન થાય સુરુચિ માટે મનમાં અરુચિ રાખીને જાય, કુભાવ રાખીને જાય તો તેના નારાયણનું ધ્યાન નહીં કરે. સુરુચિનું ધ્યાન કરશે.એટલે સુનીતિ ધ્રુવને સમજાવે છે કે,તું મારો ડાહ્યો દીકરો છે. બેટા, તારું અપમાન થયું તે મને તારા પૂર્વજન્મના કોઈ કર્મનું ફળ લાગે છે. લાભહાનિ, સુખદુઃખ,માનઅપમાન આ બધા પૂર્વજન્મના કર્મોનું ફળ છે. જ્ઞાની હસતાં હસતાં એ સહન કરે છે. અજ્ઞાની રડતાં રડતાં એ સહન કરે છે. વાવ્યું તેવું મળે છે. માટે તારી ઓરમાન માને વડીલ સમજી વંદન કરીને એમના પણ આશીર્વાદ લઈ તું વનમાં જા. ભગવાન તારા પર જલદી પ્રસન્ન થશે.જે સુરુચિએ બાળકનું અપમાન કર્યું છે તેને વંદન કરવા સુનીતિ ધ્રુવને મોકલે છે. ધન્ય છે સુનીતિને! આનું નામ સુનીતિ. આવી સુનીતિ જેના ઘરમાં હોય તેના ઘરમાં કળિ જાય નહીં.

પાંચ વર્ષનો બાળક ધ્રુવકુમાર ઓરમાન માતા સુરુચિને વંદન કરવા આવે છે. સુરુચિ અક્કડમાં ગાદી ઉપર બેઠી છે. ધ્રુવજી તેને સાષ્ટાંગ વંદન કરે છે.પછી કહે છે મા, હું વનમાં જાઉં છું.તમારા આશીર્વાદ લેવા આવ્યો છું.

સુરુચિએ ઝટ ઝટ વિચાર કરી લીધો કે, જો ધ્રુવ અહીં રહેશે તો ઉત્તમના રાજ્યમાં ભાગ પડાવશે એટલે તે બોલી, બહુ સારું, જા મારા આશીર્વાદ છે.

બાળક વંદન કરે છે તો પણ સુરુચિના દિલમાં કાંઈ લાગણી થતી નથી. સ્વભાવને સુધારવો કઠણ છે. કારણ કે કસ્તૂરીની ક્યારી કરી, કેસરનું ખાતર નાખી ગુલાબજળની સિંચાઈ કરવામાં આવે તોયે ડુંગળી તો ડુંગળી જ રહેશે. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સુધરે નહીં.માતા સુનીતિ પાંચ વર્ષના બાળકને વનમાં તપશ્ચર્યા કરવા મોકલે છે ત્યારે આજની માતાઓ બાળકો ને સિનેમા જોવા મોકલે છે!સિનેમા જોવાથી આંખ બગડે, શરીર બગડે,મન બગડે અને અંતે જીવન બગડે છે.પૈસા ખર્ચીને બધો બગાડ ખરીદવો એ કેવી વાત? આ હસવાની વાત નથી, રડવાની વાત છે.બાળક ચરિત્રહીન પાકે તો એમાં માતાનો વાંક,મૂર્ખ પાકે તો પિતા નો વાંક,કંજૂસ પાકે તો વંશનો વાંક અને દરિદ્ર પાકે તો બાળકનો પોતાનો વાંક સમજવો.

બે માતાઓના આશીર્વાદ મેળવી પાંચ વર્ષનો ધ્રુવકુમાર વનમાં જાય છે. મનમાં વિચારે છે કે, વનમાં વાઘ, વરુ મને મારશે તો નહીં ને? જવાબમાં એનું મન કહે છે, ના, ના. હું એકલો નથી. મારી માએ મને કહ્યું છે કે, તું જ્યાં જાય ત્યાં નારાયણ તારી સાથે છે.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જસપુરિયા ગામે પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ કર્યું

# રાજ્યપાલે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો સાથે સહજ સંવાદ કરી શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું

## શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યપાલ સાથે સંવાદ કરવાનો આનંદ વ્યક્ત કરી રાજ્યપાલશ્રીને હળની ભેટ આપી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

મહેસાણા જિલ્લાની બે દિવસીય મુલાકાત દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સતલાસણા તાલુકાના જસપુરિયા ગામે રાત્રિ સભા બાદ પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલશ્રીએ શાળાના સામાન્ય ઓરડામાં રાતવાસો કર્યો હતો.

આજે સવારે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો સાથે સહજ સંવાદ કરી રાજ્યપાલશ્રીએ બાળકોને શિક્ષણનું મહત્ત્વ સમજાવી ઉચ્ચ અભ્યાસ કરીને જશપુરીયા ગામનું અને દેશનું નામ રોશન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યપાલ શ્રી સાથે સંવાદ કરવાનો આનંદ વ્યક્ત કરી રાજ્યપાલશ્રીને હળની ભેટ આપી હતી.

આ મુલાકાત વેળાએ જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી, નિવાસી અધિક કલેક્ટર શ્રી જશવંત કે. જેગોડા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.








## એક તરફ અતિ ભારે વરસાદથી ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે ત્યારે

# ચિઠોડામાં પ્રધાન મંત્રી સમૃદ્ધિ કેન્દ્રમાં એક્સપાયર ડેટ જંતુ નાશક દવાઓ આપી ખેડૂતો સાથે છેતરપિંડી

(ગરવી તાકાત) વિજયનગર તા.૨૦

વિજયનગર તાલુકાના ચિઠોડામાં પ્રધાન મંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્ર ધરાવતા વેપારી જંતુ નાશક એક્સ્પાયરી ડેટ વાળી દવાનું વેંચાણ કરી ખેડૂતો સાથે છેતરપિંડી કરી રહ્યાંનું સામે આવ્યું છે.

એક તરફ અતિ ભારે વરસાદથી ખેડૂતોનો પાક નિષ્ફળ ગયોછે. ત્યારે બીજી બાજુ ચિઠોડામાં જંતુ નાશક દવાઓ ધરાવતા વેપારીએ એકસપાયર ડેટની દવા ખેડૂતને ધાબડીદઈ છેતરપીંડી કરી હતી. વધુ માહિતી અનુસાર તા.૧૭ મી સપ્ટે.ના રોજ ચિઠોડામાં પ્રધાન મંત્રી સમૃદ્ધિ કેન્દ્રમાં ખેડૂતે પાકના રોગને બચાવવા જંતુ નાશક દવાની માગણી કરતા વેપારીએ **Multiplex agriculture pvt.Ltd.**કંપની એકસપાયર ડેટ વાળી દવા આપી હતી.ત્યારે ખેડૂતે ઘરે જઈ દવાનો છંટકાવ કરવા ઢાંકણ ખોલી ઉપયોગમાં લેતી વખતે બોટલ ઉપર એકસપાયર ડેટ જોતા તા.૧૧/૫/૨૦૨૫ ના રોજ એક્સપાયર ડેટ થઈ ગઈ હતી . જેથી ખેડૂતે છંટકાવ



કરવાનું ટાળી દીધુ હતું જ્યારે બીજા દિવસે તેજ વેપારી પાસે ફરી દવાની માગણી કરતા વેપારીએ

એજ કંપનીની દવા આપી હતી. તે પણ એક્સપાયર ડેટ વાળી આપી હતી. જેથી ખેડૂતે બીલની માગણી કરતા વેપારીને શંકા જતા બીલ આપવા આના કાની કરી વાતને ટાળી દીધી હતી.ત્યારે ભોગ બનનાર ખેડૂતે દવા એકસપાયર ડેટ થઈ હોવાનું જણાવતાં વેપારીએ દવાની ડેટ એક્સપાયર થયા પછી પણ એક વર્ષ સુધી વાપરી શકાય તેમ કહી ખેડૂતને સમજાવી દેવામાં આવ્યો હતો .અને ઊલટાનું એવું કહેવા લાગ્યો કે હું પોતે પણ એક્સપાયર દવા વાપરું જ છું પાક ને કોઈ નુકશાન થતું નથી તેવો જવાબ આપી ગ્રાહકને સમજાવવાની કોશિશ કરી હતી . પરંતુ ગ્રાહકે કાયદેસની કરવાહી કરવાનું કહેતા વેપારીએ પોતાની ભૂલ કબુલી લીધી હતી.જયારે ચિઠોડા પાલ પટ્ટો આદિવાસી વિસ્તાર છે.આ વિસ્તારના ખેડૂતો મોટા ભાગે ગરીબ વર્ગના છે.અભણ અને ભોળી પ્રજાને વેપારીઓ એક્સપાયર ડેટ વાળી ખાદ્ય ખોરાક અને ઉત્પાદન માટે વપરાતા ખાતર, બિયારણ, દવાઓ અને પશુ આહાર જેવી વસ્તુઓ આપી જેનો ફાયદો ઉઠાવી રહ્યા હોય તેવુ લાગી રહ્યું છે.ત્યારે જિલ્લા ચકાસણી અધિકારી, તોલમાપ અધિકારી અને ડ્રગ એન્ડ ફુડ વિભાગ તંત્રને ઉઘરાણી કરવામાં જ રસ છે. જો આવા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તો મેડીકલ થી લઈને ખાદ્ય ખોરાક ધરાવતા અને મોટી જનરલ દુકાન દારોના પગ નીચે રેલો આવી જાય તેમ નવાઈ નહીં. બિયારણ ધરાવતા દુકાનોમાં અને જંતુ નાશક દવાઓ તેમજ મેડિકલોમાં તપાસ થાય તેવી માંગ ખેડૂતો અને આમ જનતામાં ઉઠી છે.

## વરસાદને કારણે નુકસાનગ્રસ્ત થયેલા રસ્તાઓ ઉપર ડામર પેચ વર્કની કામગીરી કરાઇ

# સાબરકાંઠા જિલ્લામાં વરસાદ બંધ થતાં માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા માર્ગોની મરામત કામગીરી શરૂ

(ગરવી તાકાત) ઈડર તા.૨૦

સાબરકાંઠા જિલ્લામાં વરસાદ બંધ થતા પંચાયત માર્ગ અને મકાન વિભાગ સાબરકાંઠા દ્વારા ભારે વરસાદને કારણે નુકસાન પામેલા રસ્તા ઉપર ડામર પેચની કામગીરી શરૂ કરવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, પ્રાંતિજ અને તલોદ તાલુકાના ગ્રામ્ય



રસ્તાઓ પર ગેરુ—ચૂનો તેમજ વ્હાઈટ વોશિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે. સામાન્ય જનતાને સુરક્ષિત અને સુગમ વાહન વ્યવહાર મળી રહે તે હેતુસર તાત્કાલિક વિભાગની તકનિકી ટીમ દ્વારા સ્થળ પર સર્વેક્ષણ કરી માર્ગોની નુકસાનગ્રસ્ત સપાટીના મરામતની કામગીરી માટે ડામર વડે પેચવર્કનો આરંભ કરવામાં આવ્યો છે. મશીનરી અને માનવ શક્તિનો સંકલિત ઉપયોગ કરી આ કામગીરી ઝડપથી પૂર્ણ થાય એ રીતે યુધ્ધાના ધોરણે કામગીરી ચાલી રહી છે.

# લીંબુણી ગામમાં આરોગ્યલક્ષી વિવિધ કામગીરી હાથ ધરાઈ

(ગરવી તાકાત) સૂઈગામ તા.૨૦

સરહદી પંથકમાં અતિભારે વરસાદ બાદ ઠેર ઠેર ભરાયેલા પાણીથી રોગચાળોએ માથું ઉચકતા સુઈગામતાલુકા આરોગ્ય વિભાગ દ્વારા લીબુણીપ્રાથમિક આરોગ્ય સબસેન્ટરમાં આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી છે. ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં ઓઈલ કામગીરી, પોરાનાશક કામગીરી, તેમજ શંકાસ્પદ તાવના કેસોની ઈઢ્ઢ કીટથી તપાસ કરવામાં આવી રહી છે. નાગરિકોને શુદ્ધ પાણી ઉપલબ્ધ રહે



તે માટે ક્લોરિન ટેબલેટ વિતરણ સાથે-સાથે પાણીના ટાંકા ખાતે પંચાયતને સંકલનમાં રાખી પંચાયતના પાણીના ઓપરેટર જોડે ક્લોરીનેશન કાર્ય પણ નિયમિત કરવામાં આવી રહ્યું છે. આ સાથે ગર્ભવતી તથા પ્રસુતા માતાઓ માટે છઢ્ઢઝ અનેઁઢ્ઢઝ વિઝિટની કામગીરી પણ સતત ચાલુ છે. આરોગ્ય વિભાગ તરફથી નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પાણી ભરાવાને અટકાવે, ઉકાળેલું પાણી પીવે અને તાવ કે અન્ય લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરે.

# સંક્ષિપ્ત સમાચાર

## રાજીવ ભવન ખાતે મહિલા સ્થાપના દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૦

ભારતના પૂર્વ,વડાપ્રધાન શ્રીમતી સ્વ. ઈન્દિરા ગાંધીજીએ ઓલ ઈન્ડિયા મહિલા કોંગ્રેસ **(AIMC)** ની સ્થાપના કરી હતી, જેને મહિલા કોંગ્રેસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની સ્થાપના ૧૯૪૦ માં ભારતમાં મહિલાઓના રાજકીય અને સામાજિક સશક્તિકરણ અને કોગ્રેસ પક્ષને મજબૂર કરવાના ભાગ રૂપે મહિલા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ રાજીવ ભવન ખાતે ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રીમતી ગીતાબેનના અધ્યક્ષ સ્થાને કાર્ય ક્રમ યોજયો હતો. જેમાં ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકાની મહિલા પ્રમુખ બહેનો હાજર રહી હતી. જ્યારે અરવલ્લી જી.પ્રમુખ ડૉ. ઉષા રાઠોડ ભિલોડા તાલુકા મહિલા પ્રમુખ જ્યોતિબેન ફનાત, બાયડના પ્રમુખ રાધાબેન ચૌહાણ, ધનસુરાના પ્રમુખ ફાલ્ગુનીબેન પરમાર અને મેઘરજના સુમિત્રાબેન ડામોર તથા અન્ય તાલુકાની બહેનો હાજર રહી હતી અને આવનાર સમયમાં કોગ્રેસ પાર્ટીને મહિલાઓના સહયોગથી મજબૂત બનાવવા માટે સૂચના અપાઈ હતી.

## સ્વામી વિવેકા સ્કૂલના બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી



(ગરવી તાકાત) વિજયનગર તા.૨૦

વિજયનગરની સ્વામી વિવેકાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી . જ્યારે હાજર રહેલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.વી.જોષીએ વિદ્યાર્થીઓને પોલીસની કામગીરી વિશે સમજાવ્યું હતું.અને કોઈ પણ વિધાર્થીની કે વિધાથીએ અવારૂ જગ્યાએ એકલા જવું નહિ અને જરૂર પડે તો તાત્કાલિક ૧૧૨અથવા ૧૦૦ નંબર ઉપર ફોન કરવો તથા કાયદાકિય વિરુદ્ધ પ્રવૃત્તિ ન કરવા તેમજ સલામતિ રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વાલમમાં મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

આજ રોજ વાલમ ક્લસ્ટરમાં આવેલ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા તેમજ વાલમ પેટા વર્ગ શાળા ના કુલ - ૧૭૦ બાળકો માટે આંખ,દાંત અને બ્લડ ટેસ્ટ ની ચકાસણી માટે વિસનગર મહિલા મંડળ આયોજીત એસ. કે. પટેલ હોસ્પિટલ ના ડોકટરો દ્વારા આ તમામ બાળકોનું નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું. અને જરૂરી દવાઓ અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું. શાળા ના આચાર્ય શ્રી દિલીપસિંહ આખો દિવસે હાજર રહીને તમામ બાળકોનું જોડે રહીને ચેકઅપ કરાવ્યું.

## બનાસ ડેરી ચૂંટણી : પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરીએ ડિરેક્ટર પદ માટે ઉમેદવારી નોંધાવી

(ગરવી તાકાત) પાલનપુર તા.૨૦

બનાસ ડેરીની ચૂંટણીમાં સહકારી આગેવાન અણદાભાઈએ કાંકરેજમાંથી ફોર્મ ભર્યા બાદ, પૂર્વ સાંસદ અને ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ રહી ચૂકેલા હરિભાઈ ચૌધરીએ પાલનપુર વિભાગમાંથી પોતાની દાવેદારી નોંધાવી છે. ૪૦ વર્ષની સક્રિય રાજનીતિમાં રહ્યા બાદ હવે તેઓ પશુપાલકોની સેવા કરવા માંગે છે.

હરિભાઈ ચૌધરીએ જણાવ્યું કે ચૂંટણીએ લોકતાંત્રિક પ્રક્રિયા છે અને ફોર્મ ભરવાનો અધિકાર ભાજપના દરેક કાર્યકરને છે. તેમણે સ્પષ્ટતા કરી કે તેઓ ભાજપનું મોવડી મંડળ જે નક્કી કરશે એ મુજબ વર્તશે. હાલમાં જગાણા ગામની દૂધ મંડળીના ચેરમેન તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.

# હિંમતનગર શહેરમાં ૧૦૮ કર્મચારીઓએ પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

**૧૦૮ એમ્બ્યુલન્સ માત્ર દર્દીઓને સારવાર માટે જ નહિ, પરંતુ નાગરિકોની કિંમતી સંપત્તિની સુરક્ષા માટે પણ વિશ્વાસપાત્ર સાબિત થઈ રહી છે.**

(ગરવી તાકાત) ઈડર તા.૨૦

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર સહકારી જીન રોડ પર બનેલા અકસ્માતમાં ૧૦૮ તાત્કાલિક સેવા તુરંત ઘટના સ્થળે પહોંચી હતી. આ દરમિયાન ૧૦૮ મા ફરજ બજાવતા ઈ.એમ.ટી. ભાર્ગવકુમાર પટેલ અને પાયલટ રિતેશ પટેલ દ્વારા પોતાની ફરજ સાથે માનવતા અને પ્રામાણિકતાનું અનોખું કાર્ય કર્યું હતું.

અકસ્માતમાં ઘાયલ થયેલા દર્દી પાસે રહેલી કિંમતી વસ્તુઓ – અંદાજે ૨.૫ તોલાનો સોનાની ચેઈન, ૧ મોબાઈલ ફોન અને ૧ ચાવી – કુલ લગભગ રૂ. ૨,૫૦,૦૦૦/- ની કિંમતનો સામાન સુરક્ષિત રીતે પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ૧૦૮ ના કર્મચારીઓએ ફરજ સાથે માનવતા, ઈમાનદારી અને જવાબદારીની ભાવનાનું પ્રદર્શન કરી સમાજમાં પ્રામાણિકતાનું જીવંત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં આપાતકાલીન સેવા તરીકે ૧૦૮ એમ્બ્યુલન્સ માત્ર દર્દીઓને સારવાર માટે જ નહિ, પરંતુ નાગરિકોની કિંમતી સંપત્તિની સુરક્ષા માટે પણ વિશ્વાસપાત્ર સાબિત થઈ રહી છે.

# અર્બન હેલ્થ સેન્ટર હિંમતનગર ખાતે સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત આરોગ્ય કેમ્પ



(ગરવી તાકાત) ઈડર તા.૨૦

સાબરકાંઠા જિલ્લામાં અર્બન હેલ્થ સેન્ટર હિંમતનગર ખાતે સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન અંતર્ગત નગરપાલિકા પ્રમુખની ઉપસ્થિતિમાં આરોગ્ય કેમ્પ યોજાયો હતો. આ આરોગ્ય કેમ્પમાં ૧૮૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આરોગ્ય કેમ્પ દરમિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી એ જણાવ્યું હતું કે સ્વસ્થ નારી એ જ સશકત પરિવારનો આધાર છે.આરોગ્ય એ જ સાચું ધન છે, અને જ્યારે મહિલાઓ સ્વસ્થ રહેશે ત્યારે પરિવાર તથા આખો સમાજ સશકત બનશે. સાબરકાંઠા જિલ્લામાં ‘સ્વસ્થ નારી – સશકત પરિવાર’ અભિયાનને સફળ સૌએ સહિયારા પ્રયાસો કરવા જોઈએ. આ સાથે જ ઉપસ્થિત મહિલાઓ નિયમિત આરોગ્ય ચકાસણીકરાવે , પોષણ પર ધ્યાન આપે અને સ્વસ્થ જીવનશૈલી અપનાવે તેવો અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા પ્રાસંગિક ઉદબોદન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં લાભાર્થીઓને પોષણ કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન સ્ત્રી રોગ નિષ્ણાંત, હાડકાના રોગોના નિષ્ણાંત અને અર્બન મેડિકલ ઓફિસર દ્વારા આરોગ્લક્ષી સેવાઓ આપવામાં આવી હતી.

# હાર્ટફૂલનેસ સાબરકાંઠા દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ માટે સંવાદ અને ધ્યાનનો અનુભૂતિસભર કાર્યક્રમ



(ગરવી તાકાત) ઈડર તા.૨૦

**“Dil Se with Daaji”** કાર્યક્રમ દ્વારા હાર્ટફુલનેસ સંસ્થાની આગવી પહેલની શરૂઆત. હાર્ટફુલનેસ સંસ્થા ધ્યાન દ્વારા સહજ રીતે જીવનનું દરેક કાર્ય ઉત્કૃષ્ટ રીતે કરવા માટે મનુષ્યને સક્ષમ બનાવવા ૧૬૦થી વધુ દેશોમાં કાર્યરત છે. હાર્ટફુલનેસ સંસ્થા દ્વારા માનવીને ધ્યાન દ્વારા આંતરિક શાંતિ પ્રાપ્ત કરાવવા તેમજ જીવનના દરેક કાર્યને ઉત્કૃષ્ટ રીતે કરવાની પ્રેરણા આપવામાં આવે છે.

તાજેતરમાં યુનિક-યુ સ્કૂલમાં **“Dil Se with Daaji”** નામે ઓનલાઈન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વિશિષ્ટ કાર્યક્રમમાં ગુજરાત અને દક્ષિણ આફ્રિકાના વિવિધ અભ્યાસીઓ મોટી સંખ્યામાં ઓનલાઈન જોડાયા હતા.

ઈડર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ૩૦થી વધુ જાગૃત વાલીશ્રીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાઈને પ્રાયોગિક ધ્યાનનો અનુભવ કર્યો હતો. તેમણે આંતરિક શાંતિ અને ચિંતામુકત જીવન તરફ આગળ વધવાના માર્ગ તરીકે ધ્યાનને અપનાવવાનો સંકલ્પ કર્યો.

વાલી ચિરાગકુમારે જણાવેલ કે તેઓ નિયમિત રીતે હાર્ટફુલનેસના આ કાર્યક્રમમાં જોડાવા અને પોતાની આધ્યાત્મિક યાત્રાને આગળ વધારવા માટે તૈયારી બતાવે છે.

Volume : 11 Issue : 158 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002